## વડીલોને વંદન અભિનંદન



ચંદ્રિકાબેન શ્યામલાલ પંડ્યા (૧૯૫૮) મો. ૯૬૬૨૬૭૭૮૨૦

## ભરૂચ-નર્મદા જિલ્લા મિત્રમંડળનું ૧૦મીએ સ્નેહમિલન

ગાંધીનગર, તા. ૨૭

ભરૂચ-નર્મદા જિલ્લા મિત્રમંડળના ઉપક્રમે સભ્ય - પરિવાર માટે નવા વર્ષના સ્નેહમિલન સાથે ગીત-સંગીત-નૃત્યની હરિફાઇ યોજાશે.

વેશભૂષા, મહેંદી, આરતી સુશોભન, જે ઉંમર પ્રમાણે ગ્રૃપમાં રહેલ છે. એન્ટ્રી ફી ભરીને નામ નોંધાવવાનું રહેશે. જે અંગેના નિયમો પ્રતિનિધિ પાસેથી જાણી લેવાનાં રહેશે.

તા. ૧૦મી ફેબ્રુઆરીના બપોરે ૩ વાગે બાબા સાહેબ આંબેડકર હૉલમાં યોજોલ છે. પ્રવિણભાઇ મહેતા, પ્રમુખ શ્રી, રણજિત પટેલ મંત્રીશ્રી મીનાબેન શાહ કાર્યક્રમ કન્વીનરએ જણાવેલ છે.

# ગાંધીનગર જિલ્લાના ૯ વિશિષ્ટ પ્રદાનકર્તાઓનું સન્માન કરાયું

## ફાયર ઓફિસર મહેશ મોડને રાષ્ટ્રપતિ મેડલ એનાયત

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાનકર્તાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં રાષ્ટ્રપતિ ફાયર સર્વિસ મેડલ મેળવનાર ગાંધીનગર ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર મહેશકુમાર મોડને સન્માનિત કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત ટેબલ ટેનીસમાં ગુજરાતમાં પ્રથમ ગોલ્ડમેડલ મેળવનાર કર્મચારી ગાંધીનગર કલેક્ટર કચેરીમાં ફરજ બજાવતા દિવ્યાબેન પંડ્યા, ૨૮મી ઓલ ઈન્ડિયા કરાટે ચેમ્પિયનશીપમાં પ્રથમ સ્થાન મેળવનાર ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટરની વિદ્યાર્થિની કુમારી જીલ પંડ્યા, નેશનલ સ્કૂલ ગેઈમ્સ વર્ષ-૨૦૧૩માં દિલ્હીમાં યોજાયેલ સ્પીડ સ્કેટીંગ સ્પર્ધામાં તૃતિય સ્થાન મેળવનાર ગાંધીનગર સ્વામિનારાયણ સ્કૂલની વિદ્યાર્થિની વ્રિન્દા પટેલ, દિલ્હી ખાતે યોજાયેલ સ્પીડ સ્કેટીંગ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી ગોલ્ડ મેડલ તેમજ ટ્રોફી મેળવનાર ગાંધીનગર સ્વામીનારાયણ સ્કૂલનો વિદ્યાર્થી વૃદિત પટેલ, નેશનલ કક્ષાએ જીત ક્વેન્ડોમાં તૃતીય સ્થાન મેળવનાર સરદાર વલ્લભભાઈ પટેલ, વિદ્યામંદિરનો વિદ્યાર્થી સંજય કિશનભાઈ વાઘેલા, નેશનલ કક્ષાની જીત ક્વેન્ડોમાં તૃતિય સ્થાન મેળવનાર જે.એમ. ચૌધરી, વિદ્યાલયની નિકિતા પરમાર, નેશનલ કક્ષાએ જીત ક્વેન્ડોમાં સિલ્વર મેડલ મેળવનાર સ્કૂલ ઓફ એચીવરની વિદ્યાર્થિની ખ્યાતી ભગવાનભાઈ તરાલ તેમજ રાજ્યકક્ષાના રમોત્સવમાં પાંચ વર્ષ સુધી ચક્રફેંક સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવનાર મુલાસણા પ્રાથમિક શાળઆ (તા. કલોલ)નો વિદ્યાર્થિની નીતાબેન બળદેવભાઈ રામી સહિત ગાંધીનગર જિલ્લાના નવ વિશિષ્ટ પ્રદાનકર્તાઓને મેડલ એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું.





## પ્રાંતિજ તાલુકાની શેઠ એમ.કે. ઓરાણ હાઈસ્કૂલ ખાતે તેજસ્વી તારલાનો સત્કાર સમારંભ યોજાયો

પ્રાંતિજ તાલુકાની શેઠ એમ.કે. ઓરાણ હાઈસ્કૂલ ખાતે શાળાના કેળવણી મંડળના મંત્રીશ્રી મહેન્દ્રભાઈ જૈનના અધ્યક્ષ સ્થાને પ્રજાસત્તાક દિન નિમિત્તે તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભમાં ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ શાળામાં ધો. ૯ થી ૧૨ સુધીના વિવિધ વિષયોમાં તથા પરિણામો અગ્રેસર સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૬૪મા પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કેળવણી મંડળના સભ્યો ઉપસ્થિત રહી તેમના હસ્તે ઈનામો અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી ડૉ. કે.એન. રાઠોડ સાહેબ તથા એમ.કે. પટેલ પ્રાસંગિક પ્રવચનો કરી પ્રોત્સાહિત કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી એન. એચ. પટેલે સંભાળ્યું હતું. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# ઈસનપુર ખાતે એમ.બી. પટેલ હોસ્પિટલનો રજતજયંતિ મહોત્સવ ઉજવાયો

## દર્દી સેવા માટે વિવિધ વિભાગોનું લોકાર્પણ : દાતાઓનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ખાતેની શ્રી સર્વોદય આરોગ્ય મંડળ સંચાલિત સ્થિત શ્રી એમ. બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલ ૨૫ વર્ષ પૂર્ણ થતાં સમારંભના અધ્યક્ષ તથા સંસ્થાના પ્રમુખશ્રી વિષ્ણુભાઈ એ. પટેલના પદે રજત જયંતિ મહોત્સવ-૨૦૧૩ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સૌ પ્રથમ હોસ્પિટલ કાર્યાલય ખાતે આ દાતાશ્રીઓ તથા મહેમાનોનું કુમકુમ તિલક કરી આવકાર આપ્યો હતો. ત્યારબાદ દાતાશ્રીના હસ્તે હોસ્પિટલ ખાતે નવીન વિભાગોમાં કિડની ડાયાલિસીસ સેન્ટર, આઈ.સી.યુ. સેન્ટર, લિફ્ટ, દવા વિભાગ, કેસ વિભાગ, નવીન બાંધકામનું રીબીન કાપી લોકાર્પણ કર્યું હતું. ત્યારબાદ મહોત્સવમાં સંતોકબા સંસ્કાર ભવન ખાતે યોજાયેલ સમારોહમાં તમામ મહાનુભાવોનું સત્કાર સન્માન કરવાનો કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં શાળાની બાળાઓએ પ્રાર્થનાથી શુભારંભ કર્યોહતો. આ પ્રસંગે મહેમાનશ્રીઓના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમને ખુલ્લો મૂક્યો હતો તેમજ શાળાની બાળાઓએ સ્વાગત ગીત રજૂ કરી સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં પૂ. સ્વામી અધ્યાત્માનંદજીનું સ્વાગત ગામના સરપંચશ્રી રમણભાઈ પટેલે ચંદનનો છોડ, વિવેકાનંદની પ્રતિમા આપી અનોખું સ્વાગત કર્યું હતું. જ્યારે સમારોહના અધ્યક્ષ શ્રી વિષ્ણુભાઈ એમ. પટેલનો પરિચય અને સ્વાગત દ્વારા ઉદઘોષકે સન્માનપત્ર વાંચન કરી વિશિષ્ટ રીતે સ્વાગત કર્યું હતું. આ સાથે તમામ દાતાશ્રીઓ, મહેમાનો તથા અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેલા મહાનુભાવોને બુકે, સન્માનપત્ર





ગણેશજીની પ્રતિમા, પુસ્તક તથા શાલ ઓઢાડી સન્માનિત કરતાં સર્વેમાં આનંદ - ઉમંગનો ઉત્સવ બન્યો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે અમદાવાદ પૂર્વના સાંસદસભ્ય શ્રી હરીન પાઠક, સંસ્થાના મુખ્ય દાતાઓશ્રી વિષ્ણુભાઈ પટેલ, જયંતિભાઈ પટેલ, ગોવિંદભાઈ પટેલ તથા શંભુજી ઠાકોર, શંકરભાઈ જે. બારૈયા, ડૉ. વિનુભાઈ પટેલ, કનુભાઈ એમ. પટેલ, ડૉ. હેતલભાઈ એલ. ચૌધરી, હરિભાઈ પટેલ તથા ગામની વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, આગેવાનોનું આ તબક્કે વિશિષ્ટ રીતે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ખાસ આજુબાજુ ગ્રામ્ય વિસ્તારોનાં અગ્રણી આગેવાનો તથા મહાનુભાવો ઉપસ્થિત રહી કાર્યક્રમને દિપાવ્યો હતો. આ સાથે સંસદસભ્ય હરિન પાઠકના ગ્રાન્ટમાંથી ૭ લાખની કિંમતની એમ્બ્યુલન્સ વાન અર્પણ કરતાં ખુશીનો માહોલ જણાયો હતો. આમ આ મહોત્સવમાં સંસ્થાના મંત્રીશ્રી રામચંદ્રભાઈ પટેલ, મહોત્સવના કન્વીનર રમેશભાઈ બી. પટેલ તથા અન્ય સેવાભાવી કાર્યકરોએ ઉત્સાહ - ઉમંગથી કાર્યક્રમો સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી ગામનું ગૌરવ વધારવા કટીબદ્ધ બન્યા હતાં.

## સાબરમતી સાયક્લોથોન-૨૦૧૩

# સ્વસ્થતા, સ્વચ્છતા, પર્યાવરણ માટે જાગૃતિ જરૂરી છે : નીતિનભાઈ પટેલ

અમદાવાદ, તા. ૨૭

નાણા મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે આજે અમદાવાદમાં વહેલી સવારે સાબરમતી-અમદાવાદ સાયક્લોથોન-૨૦૧૩નું લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ સાયક્લોથોનમાં દેશ-વિદેશમાંથી હજારોની સંખ્યામાં સાકલવીરોએ ભાગ લીધો હતો.

સાબરમતી સાયક્લોથોનનો પ્રારંભ કરાવતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આજે વિશ્વ સમક્ષ પર્યાવરણ જાળવણી જેવા પડકારો ઉભા થયા છે ત્યારે પર્યાવરણ જાળવણી, સ્વચ્છતા અને સ્વસ્થતા જાળવણી માટે લોક જાગૃતિ જરૂરી છે. અમદાવાદમાં સૌ પ્રથમ વખત યોજાયેલી આ સાયક્લોથોન એ દિશામાંનું જ એક કદમ છે.

સાયક્લોથોનના આયોજન બદલ મંત્રીશ્રીએ અમદાવાદ મહાનગર-પાલિકાને બિરદાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ફુલરેસ, હાફરેસ તથા અન્ય એમ વિવિધ સ્પર્ધાઓમાં દેશ-વિદેશ અને ગુજરાતના સાયકલવીરો ઉપરાંત શહેરીજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રી અસિત વોરા, વિવિધ કમિટીઓના ચેરમેનશ્રીઓ, પદાધિકારીઓ, અગ્રણીઓ, નગરજનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.




## સે. ૮ ખાતે સ્વચ્છતાની સુવાસ સાથે પ્રજાસત્તાક દિન

ગાંધીનગર સે. ૮માં રહેતા જાણીતા યુવા સાહિત્યકાર સંજય થોરાતના ઘર આંગણે ૬૪માં પ્રજાસત્તાક દિનની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી. ગાંધીનગરના અગ્રણી સમાજસેવક અરૂણભાઈ બૂચે રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજવંદન કરાવ્યું. ગાંધીનગરની પાયાની જરૂરીયાતોમાં પોતાની સતત મચી પડવાની વૃત્તિથી આજ કેટલીયે સુવિધાઓ આપણાં નગરને મળી છે એવી વાત એમણે કહી... આજનાં આ ધ્વજવંદનમાં કોલેજીયનો અને યુવાનોની હાજરી નોંધપાત્ર હતી. રાષ્ટ્રના ઉત્થાન માટે નાની નાની વાતોની કાળજી રાખી દેશને સ્વચ્છ અને સમૃદ્ધ બનાવવાનો સૌએ સંકલ્પ લીધો હતો. વંદે માતરમ્‌ના બુલંદ નારા સાથેનો આ કાર્યક્રમ વિર રસથી દિપી ઉઠ્યો હતો.




૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિને ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રદેશ કાર્યાલય રત્નમણી કોમ્પલેક્ષ ગ્રાધીગ્રામ રેલવે સ્ટેશનની સામે એલીસબ્રીજ અમદાવાદ ખાતે પાર્ટીના પ્રદેશ મહામંત્રી ગોરધનભાઈ ઝડફીયાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ પ્રસંગે ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રદેશ મહામંત્રી ગોરધભાઈ ઝડફીયાએ જણાવ્યુ હતુ કે વધતા જતા આતંકવાદના કારણે દેશની સરહદો પર જવાનો શહીદ થયા છે. તેના કરતાં વધુ લોકો આતંકવાદી હુમલાનો ભોગ બન્યા છે. દિનપ્રતિદિન આતંકવાદનો ભય વધતો જાયછે. આતંકવાદ સામેની લડાઈમાં બધા પક્ષોએ એક થઈ લડવુ પડશે. તેમણે દેશની સરહદો સાચવતા શહીદ થયેલા વીર જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પ્રસંગે પ્રદેશ મંત્રી વિક્રમભાઈ ચૌહાણ, જાગૃતિબેન પંડ્યા, અમદાવાદ શહેર પ્રમુખ ડૉ. વસંતભાઈ પટેલ, મહામંત્રી રામભાઈ યાદવ, અમિતભાઈ ભાવસાર શહિત કાર્યકરોએ ભારત માતાની જય, વંદે માતરમના જયઘોષથી વાતાવરણને ગુંજવી મુક્યુ હતું. કાર્યક્રમમાં હાજર રહેલા પ્રદેશના પદાધિકારીઓ, શહેરના કાર્યકર્તાઓ, તેમજ ઉપસ્થિત પ્રજાજનોનો આભાર માન્યો હતો.

## શબ્દાવલી - ૪૯૬૩




### આડી ચાવી

૧. કમરબંધ, કંદોરો (૫)
૬. મા, જનની (૨)
૭. ... કડવો ખરો પણ નરવો બહુ (૩)
૮. યોગ - સાધના (૪)
૧૦. બિલાડીના ટોપ (ખાવા લાયક) (૪)
૧૧. પહેલાના જમાનામાં રાજાઓનાં રાજ અને ગરાસિયાના... હતા (૨)
૧૪. દઝાડવું, ... આપવા (૨)
૧૫. થાક, આરામ કરે તે (૨)
૧૬. અવળચંડાઇ (૪)
૧૮. દુઃખણા (૩)
૧૯. રાગ-આસક્તિ વિનાનું (૪)
૨૦. કંઇ પણ ખાધા-પીધા વગર કરાતો ઉપવાસ (૪)
૨૧. ... જણાવવાનું કે (પત્રમાં લખાય) (૨)

### ઊભી ચાવી

૧. અત્યારે હળાહળ... ચાલે છે (૪)
૨. જૂથ, ટુલ્લર (૨)
૩. મકાનનો ઉપરનો ભાગ (૨)
૪. માન-મર્યાદા (૫)
૫. દુઃખ વ્યક્ત કરવું, શોખ મનાવવો (૩)
૬. તડકો (૨)
૯. રસી, પાકેલા ઘામાંથી રસી નીકળે તે (૨)
૧૨. સાપનું ઘર (૩)
૧૩. મહેમાન ગતિ (૫)
૧૪. વાળને કરાતો કલર (૨)
૧૫. એક કિંમતી પથ્થર (૪)
૧૬. આવવું, ... જાવન (૩)
૧૭. રોડ બનાવવામાં વપરાતું કાળુ પ્રવાહી (૩)
૧૯. પ્લેઇન સાડીને... કહેવાય (૨)

### શબ્દાવલી ૪૯૬૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) ભંભેરણી (૩) અંજાર (૫) ભર (૬) ઈજા (૭) લીવર (૮) મમતા (૧૦) અર્જ (૧૨) મજા (૧૩) મજાક (૧૫) રાબ (૧૭) નકટી (૧૮) તાર (૧૯) ત્રુટી (૨૦) યુધ્ધ

**ઊભી ચાવી :-** (૧) ભંભલી (૨) ભેરવવું (૩) અંજામ (૪) રસ (૬) ઈમર્જ (૯) તાકજાક (૧૦) અજાતશત્રુ (૧૧) જરા (૧૩) મનસા (૧૪) કટીબધ્ધ (૧૬) બજાર

## સુદાનના યુવાનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૫માં વસતા યુવાઓ જય નિલેન્દુ વોરા અને હુસેન દાઉદીએ વિદેશનાં યુવાનોને આઈટી તાલીમ આપવા શાલીન કોમ્પલેક્ષ સે. ૧૧ ખાતે સર્પન્ટ સોફટવેર કન્સલટીંગ સર્વિસ અને ક્રેસ્કો સોલ્યુશન ઈન્ડસ્ટ્રીયલ ટ્રેઈનીંગ શરૂ કરી છે.

આ તાલીમનાં ભાગરૂપે આફ્રિકાના સુદાન દેશનો મોહમંદ અબુલ દફી - ઈલે. એન્જી., અબુ બફ ઈમરાન - કોમ્પ્યુ. એન્જી., મોહમંદ અબુલ મૌનીમ - કોમ્પ્યુ. એન્જી., ગાંધીનગર ખાતે તાલીમ મેળવી રહ્યા છે. શુક્રવાર તા. ૨૫ આ યુવાઓએ ગુજરાતી યુવાઓ જોડે કેક કાપી સૌનું મોઢું મીઠું કરાવી ઈદ દે મિલાદની ઉજવણી કરી હતી.

સુદાનની રાજધાની કારતુન શહેરના આ ચારેય યુવકો ગુજરાતમાં પ્રથમ વખત મુલાકાત લઈ રહ્યા છે. ગાંધીનગર શહેરનાં ખુલ્લા - ચોખ્ખા રસ્તાઓ અને સેક્ટરોનાં સુઆયોજનથી તેઓ ખુબ જ પ્રભાવિત થયા છે. અડાલજ વાવ, અક્ષરધામ જેવા સ્થળોની મુલાકાત લેનાર છે. ગાંધીઆશ્રમ, ઢાલગરવાડ, સીદીસૈયદની જાળી જેવા ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી છે. ગાંધીજી વિશે પુછતા એકદમ ઉત્સાહિત થઈ જણાવ્યું હતું કે 'આફ્રિકામાં તેમનું યોગદાન ખુબ જ છે, અને મારૂ જીવન એજ મારો સંદેશ' જે દ્વારા આજના યુવાવર્ગ ગાંધીજીનાં આદર્શમૂલ્યોને જીવનમાં ઉતારી પોતાના વિચારોમાં પણ સાદગી, શાંતિ અને ભાઈચારાનો અમલ કરે તો અવશ્યપણે નવા સુંદર સમાજનું નિર્માણ થઈ શકે છે.

સુદાનથી આવેલા આ યુવકોએ એક ગુજરાતી લગ્ન પણ માણ્યા હતા. જે થકી અહિંની લોકસંસ્કૃતિ અને ખાન-પાન વિશે જાણકારી મેળવી હતી. ગુજરાતી ભોજનમાં ઊંધીયુ અને બાસુંદી ખુબ જ પસંદ આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે અહીંના લોકો ખૂબજ મળતાવડા, નિખાલસ અને મિલનસાર છે. તેઓ ભારતીય ફિલ્મો ઓછી જુએ છે. છતાં અમિતાભ બચ્ચન, સલમાનખાન, ઐશ્વર્યારાય, કરીનાકપુર પ્રિય કલાકાર છે. સુદામના ઈસ્લામ અને ખ્રિસ્તીધર્મ મુખ્ય છે. જ્યારે અહીં વિવિધ ધર્મો, સંપ્રદાયના લોકો વસે છે. છતાં હળી-મળીને રહે છે. અત્યંત પ્રસંશનીય કહી તેવો પ્રતિભાવ તેમણે આપ્યો હતો.

## ગાંધીકથા... ●

**અનુસંધાન છેલ્લાનું ચાલુ**

શીખ્યા - ખેડૂતનું જીવન ખરૂ છે. ખરી જીંદગી ખેતરની છે. દ. આફ્રિકામાં ફીનીક્સ સેટલમેન્ટ આશ્રમ સ્થાપ્યો. ગાંધીએ ૫૦૦૦ પાઉન્ડ મહિનાની આવક છોડી ગામડામાં આશ્રમમાં ગયા. હાથથી પ્રેસ, છોકરાં ભણાવવા, કોદાળીથી ખોદીશું, ચામડાનું કામ કરી સેન્ડલ બનાવીશું અને માત્ર ૩ પાઉન્ડ મહેનતાળુ મેળવવાનું સ્વીકાર્યું. દ. આફ્રિકામાં અનેક અપમાનોએ ગાંધીને ક્ષમાવૃત્તિ શીખવા મળી. સત્યની શક્તિ, પ્રેમની શક્તિ, આત્માની શક્તિ ક્ષમાવૃત્તિ અને સત્યાગ્રહમાંથી મળી. પરિવર્તન પ્રેમથી, સહકારથી, વિચાર સમજાવવાથી લાવી શકાય છે.

ક્ષમા કરે તે શૂરા રે ભાઈ,
ક્ષમા કરે તે શૂરા.
ભેજામાં ક્રોધને આથી આથીને,
વેર વાળે તે અધૂરા રે ભાઈ.

ગાંધીજીએ દ. આફ્રિકામાં ત્રણ સત્યાગ્રહો કર્યા જેમાં સફળતા મળી. ૧. રંગભેદ સત્યાગ્રહ, ૨. લગ્નના કાયદા અંગેનો સત્યાગ્રહ, ૩. ત્રણ પાઉન્ડનો ટેક્ષ રદ કરવાનો સત્યાગ્રહ. ગાંધીજીએ ગીરમીટીયાઓને દ. આફ્રિકામાં ન્યાય અપાવ્યો. હિન્દુસ્તાનના ગરીબ માણસની બીજા માટે ત્યાગ કરવાની વૃત્તિએ મરા સંકટ સમયની શક્તિ બની છે, તેમાંથી હિન્દુસ્તાનનું સ્વરાજ મળ્યું છે. ગાંધીજીએ ગોખલેજીની રીતે કામ કરવાનું સ્વીકાર્યું.

ગાંસડાં-પોટલાં પીઠ પર લાદ્યાં,
રહ્યા ન એ ઝાલ્યા ગિરમીટિયા ચાલ્યા
બૈરા-પૌઈરાં સાથે લઈને ચાલ્યા
ગિરમીટિયા ચાલ્યા, ગિરમીટિયા ચાલ્યા

અહીં બીજા દિવસની કથાનો વિરામ થાય છે.

## પ્રજાસત્તાક દિન ઉજવાયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાત શ્રેષ્ઠ છે કારણ કે -જા કલ્યાણની -જાના સર્વાંગી વિકાસની ભાવના આ રાજય સરકારના હૈયે હમેશા વસેલી છે. અને એટલે જ આપણો વિકાસ મંત્ર છે, સૌનો સાથ સૌનો વિકાસ અને આ મંત્ર થકી ગુજરાતે વિકાસના નૂતન શિખરો સર કર્યો છે. આજે રાજયમાં યોજાયેલ સતત છ-છ વાઈબ્રન્ટ સમિટમાં વિદેશી કંપનીઓ ગુજરાતની રાજકીય સ્થિરતા અને વિકાસને જોઈને-પીછાણીને રાજયમાં મૂડી રોકાણો માટે આકર્ષિત થાય છે. તે ઉપરાંત રાજયની જમીન સંપાદન -ક્રિયાને ભારતની સર્વોચ્ચ અદાલતે પણ શ્રેષ્ઠ ગણાવી છે. અને તેની -શંસા કરી છે. કૃષિ મહોત્સવ થકી ધરતીપુત્રોને વૈજ્ઞાનિક ઢબે કૃષિ માર્ગદર્શન આપીને રાજય અને દેશના કૃષિ વિકાસને નવી દિશા આપી છે. કૃષિ વિકાસ ક્ષેત્રે દેશભરમાં રાજયે -શસંનીય કામગીરી કરીને બીજી હરિયાળી ક્રાંતિની શરૂઆત કરી છે.

રાજય સરકારે વર્ષ ૨૦૧૨-૧૩થી મુખ્યમંત્રી અમૃતમ યોજના મા દ્વારા હદયરોગ, મગજ, કીડનીને લગતી ઘનિષ્ઠ સારવાર, બર્ન્સ, કેન્સર ગંભીર ઈજાઓ તેમજ નવજાત શિશુઓના રોગોની સારવાર માટે કુટુંબ દીઠ વાર્ષિક મહત્તમ રૂ. ૨ લાખ સુધીની કેશલેસ સારવાર અપાય છે. બાળ અને માતાના કુપોષણની સમસ્યાને નાથવા મિશન બલમ્ સુખમ્‌ની સ્થાપના કરી કુપોષણને દેશવટો આપવાનું બીડું ઝડપ્યું છે. જાહેર વિતરણ વ્યવસ્થાના કુશળ સંચાલન દ્વારા ૩૨ લાખ કુટુંબોને માસિક ૩૫ કિ.ગ્રા અનાજ કુટુંબદીઠ વિતરણ કરવામાં આવે છે. ગુજરાતને હરિયાળું રાખવા માટે વાવે ગુજરાત અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.આજે રાજયમાં ચેરના વનોનો વિસ્તાર સતત વધીને ૧૨૦૦ ચો.કિ.મી જેટલો થયો છે. દોઢ લાખ જેટલા ઉમેદવારોને રોજગાર કચેરીઓના માધ્યમથી નોકરી મળી શકી છે. રાજયમાં ઈલેકટ્રોનિક મેનપાવર યોજના અંતર્ગત રાજયની ૬૨૫ સંસ્થાઓમાં તાલીમ સુવિધા શરૂ કરવામાં આવી છે. આ વખતના ખેલમહાકુંભમાં ૨૫ લાખથી વધુ ખેલાડીઓ ભાગ લે તેવી દેશભરમાં -થમ ઘટના છે.

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે આવનારા સમયમાંમટ્રોરેલીનીસુવિધાશરૂથનારછે.ગાંધીનગર જિલ્લામાં દશ વર્ષ અગાઉ ડ્રોપ આઉટ રેસીયો-૧૬.૮૬ ટકા હતો. પરંતુ શાળા -વેશોત્સવ થકી સમાજમાં ફેલાયેલ શિક્ષણ અંગેની લોકજાગૃતિના કારણે આજે ડ્રોપ આઉટ રેસીયો- ૨.૧૮ ટકા છે. જિલ્લાની ૧૦૬૧ આંગણવાડીઓ પૈકી ૭૯૬ આંગણવાડીઓ પોતાના મકાન ધરાવે છે. જિલ્લામાં છેલ્લા દાયકાથી દૂધ ઉત્પાદન ક્ષેત્રે બહુ મોટી -ગતિ થઈ છે. જેને દૂધની ખેતી કહી શકાય. ગત વર્ષે જિલ્લાનું વાર્ષિક દૂધ ઉત્પાદન ૩,૮૧,૪૨૦ મેટ્રિક ટન હતું, જિલ્લો દૂધ ઉત્પાદનમાં રાજયમાં દસમું સ્થાન ધરાવે છે. વર્ષ ૨૦૦૧ થી છેલ્લા દશ વર્ષમાં જિલ્લાએ ખેતીવાડી ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરેલ છે ગાંધીનગર શહેર તથા તેની આજુબાજુના ૩૯ ગામો સહિતના કુલ- ૩૮૮ ચો.કિ.મી વિસ્તારના સુયોજિત વિકાસ માટે ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ ( ગુડા )નીરચનાકરવામાંઆવીછે. શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના આંગણવાડી, -ાથમિક-માધ્યમિક શાળા અને શાળાએ ન જતાં કુલ- ૩,૦૭,૪૦૭ બાળકોની તપાસણી કરવાનું આયોજન છે.

આ -સંગે પોલીસ, હથિયારધારી હોમગાર્ડ, બિનહથિયારધારી હોમગાર્ડ અશ્વદળ અને એન.સી.સી ની ટીમ દ્વારા યોજાયેલ પરેડનું મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપ, જિલ્લા પોલીસ વડા શ્રી શરદ સિંઘલ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિવિધ શાળાના બાળકો દ્વારા રજૂ થયેલા સાંસ્કૃતિક કાર્યક્રમને પણ ઉપસથિત સર્વેએ મન ભરીને માણ્યો હતો. આ -સંગે ગાંધીનગર (ઉત્તર)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર (દક્ષિણ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, દસાડાના ધારાસભ્ય શ્રી પૂનમ મકવાણા, ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, મહાનગર પાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, જિલ્લા ભાજપ -મુખ શ્રી શંકુતલાબેન પટેલ, જિલ્લા -ભારી સચિવ શ્રી સંજય -સાદ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે.ભટ્ટ, ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર શ્રી એલ.પી.પાડલીયા, નિવાસી અધિક કલેકટર શ્રી ડૉ.એમ.ડી.મોડિયા સહિત જિલ્લા-તાલુકાના અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસથિત રહયાં હતાં.